ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ડો. પ્રણવ જોષીપુરા
વાઈસ પ્રિન્સિપાલ
ઉમાબા આર્ટ્સ કોલેજ, ગાંધીનગર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૩



ઉષાબેન ક્રિશ્ચિયન
મો. ૯૦૯૯૩ ૪૨૪૦૯



મણીલાલ બી પટેલ
મો. ૭૦૯૯૭ ૮૧૧૦૮



આસીફ શેખ
મો.૭૩૫૯૩ ૮૩૬૫૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# નગરમાં લાગણીઓનો સમુદ્ર છલકાયો









## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સર્વ નેતૃત્વ ટીમ દ્વારા યાદગાર 'વડીલ વંદના' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૯

રવિવારે ગાંધીનગરના ડૉ. આંબેડકર હૉલમાં લાગણીઓનો સમુદ્ર છલકાયો હતો. નગરની આશાસ્પદ યુવાપેઢી અને જીવનની પાછલી અવસ્થા જીવી રહેલા વૃધ્ધો વચ્ચે સંવેદનાનો એવો તો સેતુ રચાયો હતો કે આખોય માહોલ લાગણીથી ભરાઈ ઊઠ્યો હતો.

ઉપક્રમ હતો કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સર્વ નેતૃત્વ ટીમ આયોજિત કાર્યક્રમ વડીલ વંદનાનો. ટીમના યુવક-યુવતિઓએ બહુ વહાલથી વડીલોને આવકાર્યા ને એટલા જ આદરથી એમને કાર્યક્રમમાં સામેલ કર્યા. સવારે વડીલો માટે વાહનની વ્યવસ્થા કરી એમને વૃધ્ધાશ્રમથી હૉલ સુધી લઈ આવવા, સંભાળીને બસમાંથી ઉતારવા, કુમકુમ તિલકથી સ્વાગત કરવું, હાથ પકડીને ખુરશીમાં બેસાડવા, નાસ્તો લાવી આપવો, હાથ પકડીને હૉલમાં લઈ જવા, સતત એમના માટે પાણીની વ્યવસ્થા કરવી, એમને જરૂર પડે ત્યારે હાથ પકડીને વૉશરૂમ સુધી લઈ જવા, સુંદર કાર્યક્રમ બતાવવો અને એ પછી થાળી પીરસી લાવીને એમને ભોજન પણ કરાવવું - આ બધાં જ કામો ટીમનાં યુવક-યુવતિઓએ એટલી સહજતાથી કર્યાં કે એમને સલામ કરવાનું મન થઈ આવ્યું. યુવાપેઢીમાં કોઈ આશા નથી રહી કે યુવાપેઢી સંવેદનાવિહીન થઈ ગઈ છે એવું કહેનારા સૌને સાવ ખોટા પાડે એવા માહોલનું નિર્માણ આ યુવાવર્ગે કરી આપ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ તરીકે જાણીતા ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ અને મોટીવેશનલ ટ્રેનર જે સી પટેલ, પત્રકાર-નાટ્યકાર કુંતલ નિમાવત, સંજયભાઈ સુખડીયા અને અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના અધ્યાપક સુજલ પાઠક ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે અંધશાળા, સૅક્ટર-૧૬નાં બાળકો દ્વારા એક ભજન અને ગીતની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સ્નેહભર્યા આદરથી પ્રગટેલો સંવેદનાનો પ્રવાહ ત્યાંથી જ બેકાબૂ બનવા માંડ્યો હતો. વડીલોએ આ પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે રોકડ પુરસ્કારોનો દોથો ભરી દીધો હતો. એ પછી નર્તન ઍકેડેમી ઑફ પરફૉર્મિંગ આર્ટ્સનાં કલાગુરુ હાર્દિકા શુક્લ દ્વારા પ્રાર્થના ગીત પર કથક નૃત્યની પ્રભાવક પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ સર્વ નેતૃત્વ ટીમના સઘળાં યુવક-યુવતિઓ અને કાર્યક્રમના અતિથિઓએ એક કતારમાં ઊભા રહી સૌ વડીલોની આરતી ઉતારી હતી. આ ઉપક્રમથી વાતાવરણ એટલું તો લાગણીશીલ થઈ ગયું હતું કે આરતી ઉતારનાર અને જેમની આરતી ઉતારવામાં આવી રહી હતી એ વડીલોનીય આંખો ભીંજાઈ ગઈ હતી.

નગરના રજિસ્ટર્ડ ચૅરીટેબલ ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ - જી ઈ ક્લબ નિર્મિત અને જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'માત-પિતાને વંદન' એ પછી શરૂ થયું. નાટકે શરૂઆત તો સાવ હળવાશથી કરી, પરંતુ અંત ભાગમાં તે એટલું તો લાગણીપ્રધાન થઈ ગયું કે હૉલમાં બેઠેલા સૌ કોઈની આંખો ભીંજાઈ ગઈ, અનેક પ્રેક્ષકો તો ધ્રૂસકે ધ્રૂસકે રડી પણ પડ્યાં હતાં. તો સામે પક્ષે એટલા જ સંવેદનશીલ નાટક ભજવી રહેલાં કલાકારો પણ થઈ ગયાં હતાં, એમની આંખોય આંસુથી છલકાઈ ગઈ હતી. એક અવાજે સૌએ નાટકને માણ્યું ને વખાણ્યું હતું. પલ્લવી પ્રજાપતિ, રોનક સુતરીયા, મૌન સાધુ, પર્વ નિમાવત, પ્રતિક્ષા નિમાવત અને કુંતલ નિમાવત દ્વારા આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. પલ્લવી પ્રજાપતિનું આ પ્રથમ નાટક હતું અને આજે આ નાટકથી તેણે સ્ટેજ પર પદાર્પણ કર્યું છે એવી જાહેરાત નાટક બાદ કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવી ત્યારે સૌએ આ નવોદિત કલાકારને તાળીઓથી વધાવી લીધી હતી. સર્વ નેતૃત્વ ટીમ વતી ડૉ. ધર્મેન્દ્ર પટેલ - સુજલ પાઠકે પલ્લવીને પુષ્પ અને પુરસ્કાર આપીને વધાવી હતી.

એ પછી ગુજરાતના જાણીતા કલાકાર અજય બારોટ દ્વારા 'માત-પિતાને વંદન' વિષયે અસરકારક વક્તવ્ય આપવામાં આવ્યું હતું. સૌએ એમને મનભરીને માણ્યા ને વખાણ્યા હતા. ડૉ. ધર્મેન્દ્ર પટેલની આગેવાનીમાં તન્મય પટેલ, રાહુલ સુખડીયા, સુરજ મુંજાણી, ઉમંગ બારોટ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, કૌશિક પ્રજાપતિ, રાહુલ રંગાણી, રવિ પટેલ, ઉમંગ પટેલ, મિત કોયાણી, રજત જોષી, કશ્યપ પ્રજાપતિ, અંકિત પટેલ, બકુલ પટેલ, વિજેન્દ્રસિંહ દેવડા, અક્ષય સુખડીયા, ટીનાભાઈ ચૌધરી, વિશાલ, કોમલ પટેલ, ટ્વિન્કલ પટેલ, અંજલી વાળા, દર્પિતા પટેલ, ધારા પટેલ, મનીષા સુખડીયા, શિવાની મોડીયા, પૂર્વી પટેલ, ધરા ગુર્જર, ઋતુ સોલંકી સહિત અનેક નવલોહિયાંઓએ આ સંવેદનાસભર કાર્યક્રમનું આયોજન કરીને ગાંધીનગરના ઈતિહાસમાં એક યાદગાર કાર્યક્રમનો ઉમેરો કરી દીધો છે એ વાત નિશ્ચિત છે. આ માટે સૌ યુવાઓને અને તેમની માર્ગદર્શક સંસ્થા કડી સર્વ વિશ્વવિદ્યાલયને દિલથી સલામ અને અભિનંદન.

'કર ભલા, હોગા ભલા'ના સૂત્ર સાથે ચાલી રહેલાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ જીવનશિક્ષણનું ધ્યેય પણ અપનાવવામાં આવ્યું છે ને ચરિતાર્થ પણ કરવામાં આવ્યું છે એવો સંદેશ આ ઉમદા કાર્યક્રમના માધ્યમથી સંસ્થાના વિદ્યાર્થીઓએ સમાજને પૂરો પાડ્યો હતો.

રાહેલબા વૃધ્ધાશ્રમ-મગોડી, કૈલાસધામ-પેથાપુર, ક્રિષ્ના વૃધ્ધાશ્રમ-સૅ.૬, આનંદી માનો વડલો-માણસા અને નવજીવન વૃધ્ધાશ્રમ, નારદીપુરનાં વડીલોને આ કાર્યક્રમના માધ્યમથી લાભાન્વિત કરવામાં આવ્યા હતા.

## જલસેવા તાલીમ સંસ્થા ખાતે અનોખો કાર્યક્રમ

### અંધજન શાળાના ટ્રસ્ટીઓ, જલ સેવા તાલીમ સંસ્થાના સફાઈ કામદાર ભાઈ-બહેનો, સફાઈ ઝુંબેશનાં સહયોગીઓનું અને અંધજન શાળાના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૯

ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બૉર્ડની સૅક્ટર-૧૫માં સ્થિત જલસેવા તાલીમ સંસ્થાના કર્મઠ, સેવાભાવી, કવિહૃદય, વક્તા, સામાજિક સમરસતાના હિમાયતી જાહેર આરોગ્ય ઈજનેર વર્ગ-૨ના પ્રમુખ ધીરેન્દ્રભાઈ કાલરીયાએ પોતાના નિવૃત્તિ દિને જલ સેવા તાલીમ સંસ્થાના પટાંગણમાં સ્વખર્ચે એક અનોખો કાર્યક્રમ યોજ્યો હતો.

કાર્યક્રમ અંતર્ગત અંધજન શાળાના ટ્રસ્ટીઓનું સન્માન, જલ સેવા તાલીમ સંસ્થાના સફાઈ કામદાર ભાઈ-બહેનોનું સન્માન, સફાઈ ઝુંબેશનાં સહયોગીઓનું સન્માન, અંધજન શાળાના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ગુજરાત પાણી પૂરવઠા બોર્ડના સભ્ય સચિવ તુષાર ધોળકિયાના અધ્યક્ષસ્થાને, મુખ્ય વહીવટી અધિકારી મુનિર વોરાના અતિથિ વિશેષપદે, નિવૃત્ત કલેક્ટર જે કે આસ્તિક, જલસેવા તાલીમ સંસ્થાના નિયામક ભારતીબેન મિસ્ત્રી, વાલ્મી સંસ્થાના સંયુક્ત નિયામક વી એસ પટેલ, જાહેર આરોગ્ય ઈજનેર વર્ગ-૨ મંડળનાં પ્રમુખ સોનલબેન રાવલ, કર્મચારી અધિકારી મંડળના પ્રમુખ પ્રવીણભાઈ સુતરિયા તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

અંધશાળાના વિદ્યાર્થીઓએ સુંદર ગીતો પ્રસ્તુત કરીને વાતાવરણને ભાવવાહી બનાવી દીધું હતું. જલસેવા તાલીમ સંસ્થાના સફાઈ કામદાર લાલાભાઈ મકવાણાએ પણ લોકગીત રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જલસેવા તાલીમ સંસ્થાના કાર્યપાલક ઈજનેર ભાવિક રાઠોડ, ભરત સોમાણી અને જલસેવા તાલીમ સંસ્થાના સૌ કર્મચારી, અધિકારીઓએ જહેમત ઊઠાવી હતી.

### રવિવારે યોજાયેલી જેઈઈની પરીક્ષા અઘરી રહી

## કટ ઑફ ગત વર્ષ જેટલું જ રહેશે : નિષ્ણાતો

ગાંધીનગર, તા. ૯

દેશભરની આઈઆઈટી સહિતની નામાંકિત ઈજનેરી સંસ્થાઓમાં પ્રવેશ માટે રવિવારે લેવાયેલી જેઈઈ વિદ્યાર્થીઓને ગતવર્ષની સરખામણીમાં અઘરી લાગી હતી. આ વખતે ખાસ કરીને ફિઝિક્સના પ્રશ્નપત્રમાં કેટલીક ભૂલો હોવાની ફરિયાદ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. આ વર્ષની પરીક્ષા ટફ હોવા છતાં કટ ઓફ માર્કસ ગત વર્ષ જેટલું જ રહે તેવી શકયતા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. સેન્ટ્રલ બોર્ડ દ્વારા દેશભરના ૧૧૨ શહેરોમાં જેઈઈ લેવામાં આવી હતી. જેમાં ૧૦,૪૩,૭૩૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દેશના ૧૦૪ અને વિદેશના પણ ચાર સેન્ટરો પર જેઈઈનુ આયોજન કરાયુ હતુ. અમદાવાદમાં ૨૦ જેટલી સ્કૂલોમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાં શહેરની અમૃતા સ્કૂલમાં વિદ્યાર્થીઓને વહેલા પ્રવેશ આપવાના મુદ્દે વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. આજની પરીક્ષામાં સેન્ટ્રલ બોર્ડ દ્વારા કરાયેલી જાહેરાત પ્રમાણે કુલ ૬૪૬૮૧૪ વિદ્યાર્થીઓ જયારે ૨૬૬૭૪૫ વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યા હતા. જયારે ત્રણ ટ્રાન્સજેન્ડરે પણ જેઈઈની પરીક્ષા આપી હતી. .

ભારતના કુલ ૧૬૧૩ સેન્ટરો પરથી આ પરીક્ષા લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે આજની પરીક્ષા અઘરી અને પ્રશ્નપત્રો લાંબા હતા. મેથ્સ અને કેમેસ્ટ્રીના પ્રશ્નપત્ર પણ પ્રમાણમાં અઘરા રહ્યા હતા. સૌથી વધુ ફીઝીક્સના પ્રશ્નો વિદ્યાર્થીઓના અઘરા લાગ્યા હતા. ફિઝિક્સમાં ત્રણ જેટલી ભૂલો હોવાની ફરિયાદો પણ વિદ્યાર્થીઓએ કરી હતી. સામાન્ય રીતે અત્યાર સુધી જેઈઈ-મેઈન પરીક્ષામાં ધો.૧૨ સાયન્સના સીલેબસને ધ્યાનમાં રાખીને પ્રશ્નો પુછવામાં આવે છે. પરંતુ આ વખતે ધો.૧૧ના સીલેબસમાંથી પણ કેટલાક પ્રશ્નો પુછવામાં આવતાં અનેક વિદ્યાર્થીઓને મુશ્કેલી નડી હતી. વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે મોટાભાગના પ્રશ્નો કેલક્યુલેટિવ હોવાના કારણે અનેક પ્રકારની ભૂલો થાય તેવી શકયતાં છે. જેઈઈ-મેઈનનુ પરિણામ એપ્રિલના અંત સુધીમાં જાહેર કરી દેવામાં આવે તેવી શકયતાં છે. આ પરીક્ષામાં પાસ થયેલા પહેલા દોઢ લાખ વિદ્યાર્થીઓને જેઈઈ-એડવાન્સ આપવાની તક મળશે.

## 'પ્રેમ બે સુંદર ચહેરાઓ વચ્ચે નહીં બે સુંદર હૈયાઓ વચ્ચે સર્જાય છે'




ગાંધીનગર, તા. ૯

'પ્રેમ એ બે સુંદર ચહેરાઓ વચ્ચે નથી સર્જાતો, પરંતુ બે સુંદર હૈયાઓ વચ્ચે સર્જાય છે.'

આ સુંદર સંદેશ આપ્યો છે નગરના યુવા કલાકાર સાબિર મલેકે પોતાની નવતર શૉર્ટ ફિલ્મ 'લવ ઈઝ લવ'ના માધ્યમથી.

યુટ્યુબ ચૅનલ ફ્રી ફૉલ ઍન્ટરટેઈમૅન્ટના રચયિતા સાબિર મલેકનું નામ હવે વાચકો માટે નવું નથી રહ્યું. નગરના આ કલાકાર ફૅક્ટરી શરૂ કરી હોય એમ એક પછી એક શૉર્ટ ફિલ્મ્સનું નિર્માણ કરી રહ્યા છે. છેલ્લા ચાર અઠવાડિયામાં એમણે ચોથી શૉર્ટ ફિલ્મનું નિર્માણ કર્યું છે અને યુટ્યુબ પર આ ફિલ્મ પણ એમની અગાઉની ફિલ્મ્સની જેમ ધૂમ મચાવી રહી છે.

'લવ ઈઝ લવ' નામની આ ફિલ્મમાં સાબિર મલેક અગાઉની માફક જ નિર્માતા, નિર્દેશક, અભિનેતા ઉપરાંત ઍડીટરની ચોવડી ભૂમિકામાં છે. તેમના ઉપરાંત પ્રગતિ ધનવાની અને કિરણ પંચાલે આ ફિલ્મમાં પોતાનો અભિનય આપ્યો છે. સિનેમેટોગ્રાફી મૌન સાધુ દ્વારા કરવામાં આવી છે.

બે યુવાન હૈયાઓ વચ્ચે રચાતા પ્રેમના સેતુની સુંદર વાત આ શૉર્ટ ફિલ્મમાં કરવામાં આવી છે. યુટ્યુબ પર 'ફ્રી ફૉલ ઍન્ટરટેઈનમૅન્ટ' ચૅનલ પર આ ફિલ્મ અને સાબિર મલેકની અગાઉની ફિલ્મ્સ જોઈ શકાય છે.

# પરીક્ષાઓના માહોલમાં યાદ આવી જાય આઈનસ્ટાઈનની રોચક અનટોલ્ડ સ્ટોરીઝ




આખા વર્ષમાં માર્ચ અને એપ્રિલ આ બે મહિના એટલે પરીક્ષાના મહિના. વર્ષ દરમિયાન જેટલું પણ વાંચ્યું, લખ્યુ અને વિચાર્યું હોય એને પ્રૉપર્લી પ્રેઝન્ટ કરવાની પુરબહારમાં ખીલવવાની મોસમ. માર્ચ મહિનાની ૧૪મીને 'જીનિયસ ડે' તરીકે દુનિયા ઉજવે છે. માર્ચ મહિનો પરીક્ષાનો મહિનો છે અને એના મધ્યમાં આવતો ચૌદમો દિવસ એટલે એને 'જીનિયસ ડે' તરીકે ઉજવવામાં આવે છે અવું નથી. દુનિયાના મહાન વૈજ્ઞાનિકોમાં જેની ગણના થાય છે એવા આલ્બર્ટ આઈન્સ્ટાઈનના જન્મદિવસને આખું વિશ્વ 'જીનિયસ ડે' તરીકે ઉજવે છે.

પરીક્ષાઓના માહોલમાં જો એવું લાગે કે, મારું મગજ બરાબર કામ નથી કરતું. મને ચોપડીની વાત યાદ નથી રહેતી. બીજા લોકો જેટલી ઝડપથી યાદ રાખી શકે છે એટલું ઝડપથી મને યાદ રહેતું નથી. મારે યાદ રાખવા માટે વારંવાર વાંચવું પડે છે વગેરે વગેરે... આવા વિચારો આવે તો બિલકુલ નાસીપાસ થયા વગર વટથી વિચારવું કે, તમારું મગજ બીજાઓથી અલગ પ્રકારનું જ છે. તમે દુનિયાને કંઈક અલગ આપવા સર્જાયા છો. આવા



સમયે યાદ કરવા પડે અસાધારણ પ્રતિભા ધરાવતાં આલ્બર્ટ આઈન્સ્ટાઈનને.

હર્મન આઈન્સ્ટાઈન નામનો એક સેલ્સમેન જર્મનીના યુમ શહેરમાં રહે. મૂળ ઈજનેર એવા હર્મન આઈન્સ્ટાઈનને ત્યાં ૧૪ માર્ચ, ૧૮૭૯મા પુત્ર અવતર્યો. એનું નામ આલ્બર્ટ. જન્મ વખતે આલ્બર્ટનું માથું શરીરના પ્રમાણમાં ઘણું મોટું હતું. ચાર વર્ષે માંડ એ બોલતા શીખ્યો અને નવ વર્ષ સુધી તો આલ્બર્ટ બરાબર બોલી પણ શકતો ન હતો. બાળપણમાં આલ્બર્ટ બીજા બાળકોની માફક ધમાલ-મસ્તી કરતો ન હતો. એક ખૂણામાં શાંત બેસી રહી હમેશા એ કંઈકને કાંઈક વિચારતો રહેતો. એની શારીરિક તકલીફોના કારણે એને શાળામાં પણ સામાન્ય બાળકો કરતા મોડો દાખલ કરવામાં આવ્યો. પિતા હર્મન અને એની પત્નીને આલ્બર્ટની ચિંતા થતી હતી.

માર્ચ-એપ્રિલમાં ગરમીના ઉકળાટ કરતાં પરીક્ષાઓના કકળાટમાં અજંપો અને ડર રાખતા વિદ્યાર્થીઓ માટે આઈન્સ્ટાઈનની લાઈફ આઈકોનિક છે. મેધાવી બુદ્ધિના માલિક જીનિયસ આલ્બર્ટ આઈન્સ્ટાઈનની શાળાજીવનની કેટલીક રોચક વાતો જ્યાં નિરાશા હશે ત્યાં આશાનું કિરણ બનશે અને જ્યાં અજંપો હશે ત્યાં રાજીપો રેલાવશે. વિદ્યાર્થી આલ્બર્ટને પહેલેથી જ શાળા જેલ જેવી લાગતી. એ હંમેશા રવિવારના દિવસનો ઈન્તજાર કરતો. રવિવારે પિતા હર્મન આલ્બર્ટને શહેરની શાંત જગ્યાએ ફરવા લઈ જતા. એ ત્યાં બેસી ઝાડ-પાન અને કુદરતી વાતાવરણ કલાકો સુધી જોઈ રહેતો. બ્રહ્માંડની ઉત્પત્તિના વિચારો કરતા રહેતા એના બાળમાનસમાં સતત ગડમથલ ચાલતી કે આ વિશ્વ કેવી રીતે ચાલે છે?

વિદ્યાર્થી કાળમાં આલ્બર્ટ આઈન્સ્ટાઈનને સતત એવું લાગતું કે એ શિક્ષકો પાસેથી જે અભ્યાસ કરી રહ્યો છે તેમાં કંઈક ખૂટે છે. એ હંમેશા ટીચરને અલગ અલગ એન્ગલથી પ્રશ્નો પૂછતો રહેતો. શિક્ષકોને આના પરિણામે ખૂબ કંટાળો આવતો. શાળાના શિક્ષકોએ એને મંદબુદ્ધિનો બાળક તરીકે સંબોધતા. વારંવાર મંદબુદ્ધિનો બાળક કહેવાના કારણે બાળ આલ્બર્ટ પણ સમજવા લાગ્યો કે એની બુદ્ધિ ક્ષમતા કમજોર છે. એકવાર એણે શિક્ષકને પૂછ્યુ કે, 'મારી બુદ્ધિનો વિકાસ કેવી રીતે હું કરી શકું? ' શિક્ષકે એક લીટીમાં જવાબ આપ્યો કે, ' કોઈપણ બાબતમાં સફળતા મેળવવા માટે સતત નિષ્ઠાપૂર્વક અભ્યાસ જ મૂળ મંત્ર છે. ' ટીચરની આ વાત આલ્બર્ટના મનમાં ચોંટી ગઈ. અભ્યાસની તાકાતથી સૌથી આગળ આવવાનું એણે મનોમન નક્કી કરી દીધું.

બાળપણમાં મંદબુદ્ધિનો કહેવાતો બાળક મહેનત, લગન અને હિંમતથી મેથ્સ અને ફિઝીક્સના વિષયોનો મહારથી બન્યો. એકવાર ગણિતના શિક્ષકે જે છોકરાને ' આળસુનો પીર ' કહ્યો હતો એ આલ્બર્ટ આઈન્સ્ટાઈની=દ્વષ્ઠ૨ પુંજ અને તુલ્ય ઉપર શોધ નિબંધ રજૂ કર્યો ત્યારે આખી દુનિયા મોંમાં આંગળા નાખી ગઈ હતી. જાપાન ઉપર અમેરિકા દ્વારા ઝીંકાયેલા અણુબોમ્બની બેઝિક ફોર્મ્યુલા આઈન્સ્ટાઈનની આજ શોધ નિબંધ ઉપર આધારીત હતી. જોકે જાપાન ઉપર નાખવામાં આવેલા અણુ બોમ્બના કારણે આઈનસ્ટાઈન જીવ્યા ત્યાં સુધી વ્યથિત રહ્યા હતા.

બેક ટુ હીઝ અનટોલ્ડ સ્ટોરીઝ. એકવાર આલ્બર્ટ આઈન્સ્ટાઈન પાસે એના સાથીએ ટેલીફોન નંબર માંગ્યો. આઈન્સ્ટાઈને બાજુમાં પડેલી ટેલિફોન ડિરેક્ટરી ઉપાડી તેમાંથી નંબર જોઈને મિત્રને આપ્યો. પેલો મિત્ર આશ્ચર્યચકિત થઈને પૂછવા લાગ્યો, 'તમને તમારો ટેલીફોન નંબર પણ ખબર નથી. ' ત્યારે આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું, ' દોસ્ત મને જે વાત બે મિનિટમાં શોધવાથી મળી જાય એને યાદ રાખવા માટે મહેનત નથી કરતો. ' આલ્બર્ટ આઈન્સ્ટાઈનની ભૂલી જવાની વાતો પણ અજીબ છે. એકવાર કૉલેજથી ઘરે જતી વખતે એ ઘરનો રસ્તો જ ભૂલી ગયા. એમણે રિક્ષા ડ્રાઈવરને કહ્યું હું આલ્બર્ટ આઈન્સ્ટાઈન છું તમને મારા ઘરનો રસ્તો ખબર હોય તો મારા ઘરે લઈ જાવ. રિક્ષા-ડ્રાઈવરને આલ્બર્ટ આઈન્સ્ટાઈનનુ ઘર ખબર હતુ પણ તેણે આઈન્સ્ટાઈનને ક્યારેય જોયા નહતા. આઈન્સ્ટાઈનને મળીને એ રિક્ષા ડ્રાઈવર રાજી થઈ ગયો. રિક્ષા-ડ્રાઈવરે તેમને ઘરે પહોંચાડી દીધા. એવી જ એક બીજી વાત છે. આઈન્સ્ટાઈન પ્રિસ્ટલથી રેલવેમાં ક્યાંક જતા હતા. રેઈલ-વે કંડેકટરે એમની પાસે ટિકિટ માંગી એટલે આલ્બર્ટ આઈન્સ્ટાઈ કોટ-પેન્ટના ખિસા ફંફોસવા માંડ્યા. પણ ટિકિટ ન મળી ત્યારે ટીસીએ કહ્યું, ' કંઈ વાંધો નહીં. હું તમને ઓળખું છું. તમે ટિકિટ લીધી જ હશે. ' છતાં આઈન્સ્ટાઈન ટિકિટ શોધતા રહ્યા ટીસીએ આશ્ચર્ય સાથે કહ્યું, 'તમે ચિંતા ન કરો, તમારી પાસે કોઈ ટીકીટ નહીં માંગે. ' ત્યારે એમણે કહ્યું કે, ' મારે ટિકિટ શોધવી તો પડશે જ કારણ કે એ વગર મને ખબર કેવી રીતે પડશે મારે ક્યાં જવાનું છે?'

નાની-નાની વાતોમાં ભુલક્કડ લાગતા આલ્બર્ટ આઈન્સ્ટાઈને સાપેક્ષવાદ દ્રશ્યમાન ઊર્જાના અદભુત સમીકરણો આપીને આજના વિકસિત અને ડિજિટલ લાગતા યુગનો મજબૂત પાયો નાખ્યો. એમના ફિઝિક્સના સંશોધનોને વિશ્વવિખ્યાત નોબેલ પારિતોષિકથી નવાજાયા. આઈન્સ્ટાઈન સરસ વાયોલીન વગાડતા. એમને નાવિક બની હોડી હંકારવી ગમતી. જોકે એમને તરતા નહોતું આવડતું. બાળપણમાં તેમના મોટા માથાને કારણે એમની માતાને એમ લાગતું કે, મારું બાળક વિકૃત બનશે. પરંતુ આજ બાળક મોટો થઈને વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન બનતા એમના મગજને લેબોરેટરીમાં સાચવવામાં આવ્યુ. અજીબ વાત તો એ છે કે, એક નોર્મલ માણસના મગજ કરતાં આઈન્સ્ટાઈનના મગજનું વજન ઘણું ઓછું હતું. એક સામાન્ય માણસના મગજનું વજન ચારસો ગ્રામની આસપાસ હોય છે જ્યારે આઈન્સ્ટાઈનના મગજનું વજન ૧૨૩૦ ગ્રામ હતું. હિટલરને કારણે આલ્બર્ટ આઈન્સ્ટાઈને જર્મનીને અલવિદા કરી. આઈન્સ્ટાઈન અમેરિકા આવીને વસ્યા. આઈન્સ્ટાઈનની પ્રતિભાને કારણે અમેરિકાની જાસૂસી કંપની સી.આઈ.એ.ના એજન્ટો એમની ઉપર સતત નજર રાખતા.

આઈન્સ્ટાઈન કહેતાં કે, જ્યારે શીખવાનું અટકે ત્યારે સમજી લેવું કે મૃત્યુ આવી રહ્યું છે. એ જીવ્યા ત્યાં સુધી પ્રશ્નો પૂછ્યા કરતા. જાણકારી અને માહિતી કોઈ પણ મૂર્ખ માણસ મેળવી લે, પણ જરૂર હોય છે આલ્બર્ટ આઈન્સ્ટાઈનની જેમ સાચી સમજ વિકસાવવાની. એ કહેતા કે, ત્રીજું વિશ્વ યુદ્ધ શેનાથી લડાશે એ ખબર નથી પણ ચોથું વિશ્ર્વયુદ્ધ લાઠીઓ અને પથ્થરથી જ લડાશે. આઈન્સ્ટાઈનના આ વિચાર ઉપરથી વિશ્વની વરવી વાસ્તવિકતાનો આબેહૂબ ચિતાર સ્પષ્ટ થાય છે. એમનો આ વિચાર ઉપર અનેક પુસ્તકો લખાયાં અને પરિસંવાદોમાં કલાકો સુધી પ્રબુધ્ધોએ ચર્ચાઓ કરી છે. આ જિનિયસ સાયન્ટિસ્ટને ૧૯૫૨માં અમેરિકાએ ઈઝરાયેલના રાષ્ટ્રપતિ બનવાની ઓફર કરેલી. ' એ રાજકારણ માટે નથી સર્જાયા' કહીને નમ્રતાપૂર્વક આ ઓફરને એમણે નકારી દીધી હતી. વિશ્વના દાદુ બ્રેઈન આઈન્સ્ટાઈનની આ રોચક વાતો પરીક્ષાની મોસમમાં મમળાવીને વિદ્યાર્થીઓ આઉટ ઓફ બોક્સ... જરા હટકે વિચારે તો ઘણું.

**ધબકાર**

'જેણે ક્યારેય કોઈ ભૂલ નથી કરી એણે ક્યારેય કશું નવું કરવાની કોશિશ જ નથી કરી.'

- આલ્બર્ટ આઈન્સ્ટાઈન